# BUSINESS મિત્ર

### સેન્સેક્સ માત્ર ૧ પોઇન્ટ પ્લસ, જ્યારે નિફ્ટી રેડ ઝોનમાં; રોકાણકારોએ ધબડકા વચ્ચે પણ ૧૪,૦૦૦ કરોડ કમાયા

# વૈશ્વિક તણાવ વચ્ચે માર્કેટનો તમામ ઉછાળો ધોવાયો

અમદાવાદ, તા. 16: વૈશ્વિક અનિશ્ચિતતાના પગલે આજે પણ ભારતીય શેરબજારમાં અથડાતું જોવા મળ્યું હતું. આજે ભારતીય શેરબજારમાં સેન્સેક્સ અને નિફ્ટીએ તમામ ઉછાળો ધોવાઈ ગયો હતો. સેન્સેક્સ એકસપાયરીના લીધે આજે બેઉતરફી વધઘટ જોવા મળી હતી અને નિફ્ટીમાં તમામ ઉછાળો ધોવાઈ ગયો હતો અને છેલ્લે સપાટ બંધ રહ્યા હતા. આજે લાર્જકેપ શેરોની સાથે બ્રોડર માર્કેટમાં સુધારો ધોવાયો હતો. જેનું મુખ્ય કારણ અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધની ગરમીમાં વધઆરો થઈ રહ્યો હોવાથી તેની આગની લપેટમાં બજારમાં સુધારો ધોવાઈ ગયો હતો.

સેકટર વાઈઝ જોઈએ તો આઈટી સેકટરે બજારને સંભાળવાનો પ્રયાસ કર્યો હતો, પણ ઉપલા સ્તરેથી પ્રોફીટ બુકીંગ જોવાયું હતું. રિયલ્ટી ઈન્ડેક્સ એક ટકા ઘટયો હતો, જ્યારે નિફ્ટી ઓટો ઈન્ડેક્સ અડધો ટકો સુધર્યો હતો. બેન્કીગ શેરોમાં પીએસયુ અને પ્રાઈવેટ બેન્કો બંનેમાં વેચવાલીનું દબાણ રહ્યું હતું. જોકે, રોકાણકારોએ રૂ. 14 હજાર કરોડની કમાણી કરી હતી.

બીએસઇ સેન્સેક્સ 1.44 પોઈન્ટ સુધરીને 77186.87 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77579.69 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77579 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77086 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 5.75 પોઈન્ટ એટલે કે 0.02 ટકા ઘટીને 24072.75 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24186 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24050 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 175.60 પોઈન્ટ એટલે કે ક0.3 ટકા ઘટીને 57582.25 પોઈન્ટના સ્તરે બધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ભારત ફોર્જમાં 13.45 ગણા, મેગ્લોર રિફાઈનરીમાં 10.27 ગણા, ગો ડિજીટમાં 9.3 ગણા, એનટીપીસીમાં 6.85 ગણા અને હિન્દાલ્કો ઈન્ડ.માં 6.22 ગણા કામકાજ નોંધાયો છે. એનએસઇ ખાતે આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડમાં 16.95 ગણા, મેગ્લોર રિફાઈનરીમાં 16.5 ગણા, રામકૃષ્ણ ફોર્જીગ્સમાં 11.44 ગણા, આઈટીઆઈમાં 9.14 ગણા અને એમ્મવી ફોટોવોલ્ટેઈક પાવરમાં 8.32 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.30 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.15 ટકા સુધર્યો હતો.

જોકે, બ્રોડર માર્કેટમાં વેચવાલીના દબાણે માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઇ ખાતે 2012 શેરો વધ્યા હતા, જ્યારે 2224 શેરો ઘટયા હતા અ 213 શેરો યથાવત રહ્યા હતા.

કોમોડિટીઝ બજારમાં સપ્ટેમ્બર વાયદો બ્રેન્ટ ક્રુડ 33 સેન્ટ ઘટીને 84.62ના સ્તરે બંધ રહ્યા હતા.

નિફ્ટી કન્ઝયુમર ડયુરેબલ્સ ઈન્ડેકસ 1.39 ટકા વધ્યો હતો. જેમાં ડિકસન ટેકનો, પીજી ઈલે., એમ્બર એન્ટર, એલજી ઈલે., ટાઈટન, કજારિયા સીરામીક, વ્હર્લપુલ, કોમ્પ્ટ્રોન ગ્રીવ્સ વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ જોન્સ ફયુચર્સ 108 પોઈન્ટ સુધારા સાથે ચાલી રહ્યા હોવાથી આજે અમેરિકન બજારો સુધારા સાથે ખુલવાના સંકેત આપે છે. સત્તાવાર ડેટા અનુસાર ઈરાન સંઘર્ષને કારણે ઉદભવતા ઉર્જા ખર્ચમાં વધારો થયો હોવા છતાં મે મહિનામાં યુકેની અર્થવ્યવસ્થા 0.1 ટકાનો વધારો થયો હોવા છતાં યુરોપિયન બજારોમાં ઘટાડો થયો હતો.

અદ્યતન એઆઇ ચિપ્સના વિશવની સૌથઈ મનોટી ઉત્પાદક તાઈવાન સેમિકંડકટર મેન્યુફેકચરીંગ કંપનીના પરિણામ પહેલા ચિપ ઉત્પાદકો ઠોકર ખાતા મોટા ભાગે એશિયન બજારો નીચા સ્તરે બંધ થયા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.27 ટકા, કેક 0.81 ટકા અને ડકેસ 0.77 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 2.97 ટકા, સ્ટ્રેઈટસ 0.37 ટકા, તાઈવાન 0.01 ટકા, કોસ્પી 6.80 ટકા, અને શાંઘાઈ 1.88 ટકા ઘટ્યા હતા, જ્યારે જકાર્તા 1.08 ટકા અને હેંગસેંગ 1.25 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

## ડોલરમાં સુધારો ચાલુ રહ્યો

અમેરિકા-ઇરાન સંઘર્ષની અસર રૂપિયા પર પડી હતી અને આજે ડોલરની સામે રૂપિયો વધુ 8 પૈસા ઘટીને 96.35ના સ્તરે બંધ રહ્યા હતા. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 96.27ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 110.73, પાઉન્ડ 130.18, કેનેડિયન ડોલર 68.81, ઓસ્ટ્રેલિયન ડોલર 67.43, જાપાનીઝ યેન 0.5942 અને સીંગાપોર ડોલર 74.68ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 96.35 રૂ. |
| યુરો | 110.73 રૂ. |
| પાઉન્ડ | 130.18 રૂ. |
| યેન | 0.5942 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 1.44 | 77186.87 |
| નિફ્ટી | -5.75 | 24072.75 |
| બેન્ક નિફ્ટી | -175.60 | 57582.25 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ટરગ્લોબ એવીએશન | 1.83 | 5265.50 |
| વિપ્રો | 1.77 | 177.74 |
| એચસીએલ ટેકનો | 1.66 | 1187.40 |
| બજાજ ફાઇનાન્સ | 1.60 | 1037.60 |
| મારૂતિ સુઝુકી | 1.47 | 13783.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 2.83 | 286.45 |
| એસબીઆઇ લાઇફ | 2.37 | 1822.10 |
| બીઇએલ | 0ગ.94 | 407.10 |
| શ્રીરામ ફાઇનાન્સ | 0.91 | 1024.40 |
| એચડીએફસી બેન્ક | 0.88 | 808.30 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ટરગ્લોબ એવીએશન | 1.81 | 5265.00 |
| એચસીએલ ટેકનો | 1.73 | 1188.05 |
| બજાજ ફાઇનાન્સ | 1.57 | 1037.55 |
| મારૂતિ સુઝુકી | 1.42 | 13773.10 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.20 | 3120.45 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 2.82 | 286.45 |
| ભારત ઇલે. | 1.00 | 407.05 |
| બજાજ ફિનસર્વ | 0.96 | 1932.35 |
| એચડીએફસી બેન્ક | 0.86 | 808.30 |
| એક્સીસ બેન્ક | 0.61 | 1304.70 |

**તેલ બજાર સુરત**

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૩ | ૫૦/૩૬ '' | ૧૪૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૯.૨૫ |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૬ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૩૮.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯.૨૫ | ૮૦ ક્રિમ્પ | ૧૩૬ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૪૯.૨૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૪ | ૮૦/૧૦૮ '' | ૧૪૧.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૯ |

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૬૦૦ |
| એમ-૩૦ | ૪૫૫૦ |
| એસ-૩૦ | ૪૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૪૫૦ |
| એસ-૩૦ | ૪૩૫૦ |

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૫૫૦૦ |
| તેજાબી સોનું | ૧૪૫૪૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૮૨૨૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૨૫૯૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૫૫૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૨૮૦૦ |
| ચાંદી સિક્કા | ૨૨૪૩૦૦ |

# RBIના નવા નિયમોના લીધે ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ મોંઘું થઈ શકે

**F&O** ટ્રેડર્સ માટે 'ડબલ ફટકો': બેન્ક ગેરન્ટી મોંઘી થતાં ટ્રેડિંગ સ્ટ્રેટેજી બદલવી પડશે

**ટ્રેડિંગ** વોલ્યુમ ઘટવાની આશંકા

નવી દિલ્હી, તા. 16: આરબીઆઇના નવા નિયમોની અસર હવે શેરબજારના ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ પર પડી શકે છે. બેન્ક ગેરન્ટી સંબંધિત નિયમો કડક થયા પછી, તે માલિકીની ટ્રેડિંગ કંપનીઓની મુશ્કેલીઓ વધી શકે છે, જે મોટા પાયે ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સમાં વેપાર કરે છે. આનાથી માત્ર તેમના ટ્રેડિંગ ખર્ચમાં વધારો જ નહીં પણ એનએસઇ, બીએસઇ અને એમસીએક્સ જેવા એક્સચેન્જોના ટ્રેડિંગ વોલ્યુમને પણ અસર થઈ શકે છે.

દોલત કેપિટલના એક અહેવાલ અનુસાર, અગાઉ આ ટ્રેડિંગ કંપનીઓને બેન્ક ગેરન્ટી દ્વારા ઓછા ખર્ચે વધુ માર્કેટ એક્સપોઝર મળતું હતું, પણ આબીઆઇના નવા નિયમો લાગુ થયા બાદ હવે તેમને આજ કામ માટે વધુ ખર્ચાળ ભંડોળના વિકલ્પો અપનાવવા પડશે. આનાથી ટ્રેડિંગની કિંમતમાં વધારો થશે, અને ઘણી ટ્રેડિંગ વ્યૂહરચનાઓ પહેલા જેટલી ફાયદાકારક રહેશે નહીં, તંદઉપરાંત એસટીટીમાં તાજેતરના વધારાથી ટ્રેડિંગને વધુ ખર્ચાળ બનાવ્યું છે, જે બજાર પર વધારાનું દબાણ લાવી શકે છે.

આ સમગ્ર મામલાનું મૂળ 1.3 લાખ કરોડથી 1.5 લાખ કરોડ રૂપિયાનો બેંક ગેરંટી ફંડિંગ પૂલ છે. અત્યાર સુધી, માલિકીની ટ્રેડિંગ કંપનીઓ બેંક ગેરંટીનો ઉપયોગ કરીને તેમની મૂડીના બજાર એક્સપોઝર કરતા લગભગ બમણી મેળવી શકે છે. એટલે કે ઓછી મૂડીનું રોકાણ કરીને તેઓ મોટા પાયે વેપાર કરી શક્યા હતા. પરંતુ આરબીઆઇના સુધારેલા નિયમો બાદ આ સિસ્ટમ બદલાઇ ગઇ છે. હવે આ કંપનીઓનો લાભ માત્ર એક જ સમયે નીચે આવી ગયો છે. આનો અર્થ એ છે કે હવે તેમને પહેલા કરતા સમાન ટ્રેડિંગ માટે વધુ મૂડી અથવા અન્ય ભંડોળ વિકલ્પોની જરૂર પડશે.

જો વેપારીઓ બેન્ક ગેરન્ટીના બદલે કોર્મશીયલ પેપર દ્વારા ભંડોળ એકત્ર કરે છે, તો તેમનો ભંડોળ ખર્ચ લગભગ 1 ટકાથી વધઈને 11 ટકા થઇ શકે છે. એટલે કે પહેલા જે ભંડોળનો ખર્ચ ખૂબ ઓછો થતો હતો, હવે તેમાં અનેકગણો ખર્ચ થઇ શકે છે. આવી સ્થિતિમાં ઘણી ટ્રેડિંગ વ્યૂહરચના આર્થિક રીતે નફાકારક રહેશે નહીં. રિપોર્ટ અનુસાર, વેપારીઓની મુશ્કેલીઓ આરબીઆઇના નવા નિયમો સુધી મર્યાદિત નથી. તાજેતરમાં એસટીટીમાં થયેલા વધારાથી ટ્રેડિંગના ખર્ચમાં પણ વધારો થયો છે. જ્યારે ફંડિંગ મોંઘું થશે અને ટેક્સનો બોજ પણ વધશે ત્યારે વેપારીઓની કુલ કિંમત વધશે. આની સીધી અસર તેમના વળતર પર પડશે, અને ઘણી ટ્રેડિંગ વ્યૂહરચનાઓની કમાણી પહેલા કરતા ઓછી હોઇ શકે છે.

## વિપ્રોની આવકમાં 10 ટકાની વૃદ્ધિ, બે રૂપિયા ડિવિડન્ડ જાહેર

મુંબઇ, તા. 16: આઇટી સર્વિસ કંપની વિપ્રોએ જુન કવાર્ટરના પરિણામો જાહેર થયા છે. કંપનીએ વાર્ષિક ધોરણે 0.6 ટકા વધીને રૂ. 3352 કરોડ થયો છે. જે ગત વર્ષના સમાન કવાર્ટરગાળામાં રૂ. 3330 કરોડ થયો હતો. કંપનીની આવક 10.6 ટકા વધઈને રૂ. 24479 કરોડ થઇ છે. જોકે, તે અંદાજ કરતા થોડોક ઓછો છે. કંપનીના બોર્ડે ઈક્વિટી શેર દીઠ રૂ. બે વચગાળાના ડિવિડન્ડની જાહેરાત કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જુન કવાર્ટરમાં વિપ્રોનું કુલ બુકીંગ 3.37 અબજ ડોલરનું રહ્યું હતું, તે ગત કવાર્ટરની તુલનામાં 2.4 ટકા ઓછું છે. જોકે, મોટા સોદા માટેનું બુકીંગ 12.9 ટકા વધીને 1.63 અબજ ડોલર થયું છે. આઇટી સર્વિસીસનું ઓપરેટીંગ માર્જિન 16 ટકા હતું. આ પાછલા કવાર્ટર કરતા 130 બેસીસ પોઈન્ટ અને ગત વર્ષ કરતા 120 બેસીસ પોઈન્ટ ઓછો છે. ઓપરેટિંગ કેશ ફલો રૂ. 3288 કરોડ હતો, જે કંપનીના ચોખ્ખી આવકનો 98 ટકા હિસ્સો ધરાવે છે. કંપનીએ આગામી કવાર્ટરમાં વિપ્રોએ આટી સેવાઓની આવક 2.57 અબજ ડોલરથી 2.63 અબજ ડોલરની વચ્ચ રહેવાનું અનુમાન લગાવ્યું છે.

## દાલમિયાએ દુબઈના અબજોપતિ સાથે હાથ મિલાવ્યા

મુંબઇ, તા. 16: દેશની અગ્રણી સુગર મીલ દાલમીયા ભારત હવે આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાનો બિઝનેસ વધારવાનો મોટો નિર્ણય લીધો છે. કંપનીએ તેના એક્સચેન્જ ફાઈલીંગમાં જણાવ્યું હતું કે, કંપની તાન્ઝાનિયામાં તેનો પ્રથમ મોટો આંતરરાષ્ટ્રીય સુગર પ્રોજેક્ટ શરૂ કરી રહી છે. આ માટે 132 મિલિયન ડોલર એટલે કે રૂ. 1100 કરોડથી વધુનું રોકાણ કરવાની મંજુરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટની સ્થાપના ઈગલ એગ્રોટેક તાન્ઝાનિયા લિ. દ્વારા કરવામાં આવશે. આ કંપની ઈગલ એગ્રોટેક હોલ્ડીંગ્સ લિ.ની પેટા કંપની છે. દાલમિયા ભારત સુગરનો 51 ટકા હિસ્સો છે અને બાકીનો 49 ટકા હિસ્સો યુએસઇના ઉદ્યોગપતિ મોહમ્મદ અલી રશિદ અલબ્બરની ઈન્વેસ્ટમેન્ટ કંપની સિમ્ફની ગોલ્બલ એલએલસી પાસે છે. આ પ્રોજેકટના ત્રણ લક્ષ્યો નક્કી કરવામાં આવ્યા છે.

# સરકારી કંપની ITI લિ.ના શેરમાં રોકેટ તેજી

**પશ્ચિમ** ભારતમાં BSNLના 4G વિસ્તરણનો મેળવ્યો ઓર્ડર; ટર્નકી ધોરણે સમગ્ર પ્રોજેક્ટનું કરશે સંચાલન

મુંબઇ, તા. 16: ટેલિકોમ સેકટરની સરકારી કંપની આઈટીઆઇ લિ.ના શેર 6 ટકાનો છાળો જોવાયો હતો. આ તેજીના કારણે રૂ. 302.40 રૂપિયાના ઈન્ટ્રાડે હાઇ લેવલને સ્પર્શ્યો હતો. કંપનીને બીએસએનએલ તરફથી રૂ. 856.39 કરોડનો ઓર્ડર મળતા કંપનિના શેરમાં ઝડપી સુધારો જોવાયો હતો. આ પ્રોજેકટના નવમા તબક્કામાં પશ્ચિમ ભારતમાં ટેલિકોમ કંપનીના 4જી મોબાઈલ નેટવર્કના વિસ્તરણને ટેકો આપશે.

આઈટીઆઇએ જણાવ્યું હતું કે, આ રૂ. 856 કરોડના કરારમાં પશ્ચિમ ભારતમાં બીએસએનએલના 7613 સ્થળોએ 4જી નેટવર્કનું આયોજન, ડિઝાઈનીંગ, સપ્લાય, ઈન્સ્ટોલેશન, પરિક્ષણ અને કમિશનીંગનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ ટર્નકી ધોરણે પુર્ણ કરવામા આવશે, જેનો અર્થ એ છે કે આટીઆઇ શરૂઆતથી અંત સુધી સમગ્ર પ્રોજેક્ટનું સંચાલન કરશે.

આ પ્રોજેક્ટ સરકારની આત્મનિર્ભર ભારત પહેલનો એક ભાગ છે. આ યોજના હેઠળ, બીએસએનએલ તેના 4G નેટવર્કને વિસ્તૃત કરવા માટે ભારતમાં બનેલા ટેલિકોમ ઉપકરણોનો ઉપયોગ કરી રહી છે.

તેનો હેતુ વિદેશી ટેક્નોલોજી પરની નિર્ભરતા ઘટાડવાનો, ભારતના ટેલિકોમ ઉદ્યોગને મજબૂત કરવાનો અને સ્થાનિક રીતે બનેલા ઉપકરણોનો ઉપયોગ કરીને ટેલિકોમ સેવાઓની વધતી માંગને પહોંચી વળવાનો છે.

આઈટીઆઇ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર રાજેશ રાયે જણાવ્યું હતું કે, "આ ઓર્ડર મળવો કંપની માટે ગર્વની વાત છે કારણ કે બીએસએનએલે ફરી એકવાર આઈટીઆઈની મોટા ટેલિકોમ પ્રોજેક્ટ્સને સફળતાપૂર્વક પૂર્ણ કરવાની ક્ષમતા પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

# સાઉદી અરેબિયા અને હુથી બળવાખોરો વચ્ચે નવેસરથી સંઘર્ષ ચાલુ થઈ ગયો છે



વિશ્વના સૌથી ધનિક દેશોમાંના એક ગણાતા સાઉદી અરેબિયા પાસે આધુનિક શસ્ત્રો અને લડાયક વિમાનો છે, તો પણ તેના પડોશી દેશ યમનના હુથી લડવૈયાઓની વાત આવે છે, ત્યારે ગલ્ફનો સૌથી શક્તિશાળી દેશ ભયભીત થઈ જાય છે. યમનના પર્વતીય પ્રદેશોમાંથી આવતા આ લડવૈયાઓ સાધનહીન દેખાઈ શકે છે, પરંતુ તેમની ગેરિલા યુદ્ધની યુક્તિઓ સાઉદી અરેબિયા માટે માથાનો દુખાવો બની ગઈ છે. સાઉદી અરેબિયા અને હુથી વચ્ચેની આ દુશ્મનાવટ નવી નથી, પરંતુ દાયકાઓ જૂની છે, જે સાઉદી અરેબિયાના સમગ્ર સુરક્ષા તંત્રને ભયભીત કરી રહી છે.

તાજેતરમાં સાઉદી દ્વારા યમનના સના એરપોર્ટ પર મોટા પાયે હવાઈ હુમલો કરવામાં આવતાં સાઉદી અરેબિયા અને હુથીઓ વચ્ચે તણાવ નોંધપાત્ર રીતે વધી ગયો હતો. ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા માટે એક મોટું હુથી પ્રતિનિધિમંડળ તેહરાન ગયું હતું. જ્યારે આ પ્રતિનિધિમંડળ ઈરાની વિમાનમાં યમન પરત ફરી રહ્યું હતું ત્યારે સાઉદી સમર્થિત યમનની સરકારે તેને તેના હવાઈ ક્ષેત્રનું ઉલ્લંઘન માન્યું હતું. તેમણે હુથીઓને સ્થાનિક વિમાનનો ઉપયોગ કરવાની વિનંતી કરી, પરંતુ હુથીઓએ સ્પષ્ટ ઇનકાર કરી દીધો હતો. પરિણામે, ઈરાની વિમાન સના એરપોર્ટ પર ઊતરવાનું હતું તે જ સમયે સાઉદી સમર્થિત દળોએ એરપોર્ટના રન વે પર બોમ્બમારો કર્યો, જેનાથી વિમાન ઊતરતું અટકી ગયું હતું. હુથીઓએ વિમાનને બીજે વાળ્યું અને તેને હોદેદાહ એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઊતાર્યું હતું.

આ હુમલાથી ગુસ્સે ભરાયેલા હુથીઓએ તેને યુદ્ધવિરામનો ભંગ જાહેર કર્યો હતો અને સાઉદી અરેબિયાના અભા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર મિસાઇલો અને ડ્રોનનો મારો ચલાવીને બદલો લીધો હતો, જેને સાઉદી હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ દ્વારા હવામાં જ તોડી પાડવામાં આવ્યા હતા. સાઉદી અરેબિયાનો સૌથી મોટો ભય એ છે કે જો હુથીઓ યમન પર સંપૂર્ણ નિયંત્રણ મેળવી લેશે, તો તેની દક્ષિણ સરહદ પર એક અત્યંત આક્રમક અને શક્તિશાળી ઈરાની પ્રોક્સી સરકાર સ્થાપિત થશે. આ પરિસ્થિતિ સાઉદી અરેબિયાની રાષ્ટ્રીય સુરક્ષા માટે કાયમી ખતરો ઊભો કરશે, જે તેને પરવડી શકે તેમ નથી. આ કારણે હુથી અને સાઉદી વચ્ચેનું યુદ્ધ ફરી ચાલુ થયું છે.

સાઉદી અરેબિયાએ ૨૦૧૫ માં યમનની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરકારના સમર્થનમાં હુથી બળવાખોરો સામે લશ્કરી ગઠબંધનની રચના કરી હતી. આ પ્રદેશના લાંબા સંઘર્ષમાં હજારો લોકો માર્યા ગયાં છે અને યમન વિશ્વના સૌથી મોટા માનવતાવાદી સંકટનો સામનો કરી રહ્યું છે. હાલમાં હુથી બળવાખોરો ઉત્તર યમનના મોટા ભાગો પર નિયંત્રણ ધરાવે છે, જેમાં રાજધાની સના અને ઘણાં મોટાં શહેરોનો સમાવેશ થાય છે,જ્યારે યમનની સરકાર હજુ પણ દેશના દક્ષિણના મોટા વિસ્તારો પર નિયંત્રણ ધરાવે છે. ૨૦૨૨ માં સાઉદી ઊર્જા મથકો પર હુથી હુમલા બાદ યુદ્ધવિરામ થયો હતો, જે મોટા ભાગે જળવાઈ રહ્યો છે, પરંતુ હવે તે ફોક થઈ શકે છે.

આ મુદ્દો અમેરિકન વેબસાઇટ એક્સિઓસના એક અહેવાલથી વધુ વકર્યો છે, જેમાં જણાવાયું છે કે સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને યમનમાં ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓ સામે લશ્કરી કાર્યવાહી શરૂ કરતાં પહેલાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો ટેકો માંગ્યો હતો. અહેવાલમાં અમેરિકન અધિકારીઓને ટાંકીને કહેવામાં આવ્યું છે કે મોહમ્મદ બિન સલમાને હુથી સામેનું ઓપરેશન શરૂ થાય તે પહેલાં ડોનાલ્ડ ટ્રમ્પને તેની જાણ કરી હતી અને ઓપરેશન માટે અમેરિકાનો ટેકો પણ માંગ્યો હતો. હાલમાં હોર્મુઝ સ્ટ્રેટમાં ચાલી રહેલી પરિસ્થિતિના કારણે સાઉદીનું તમામ ખનિજ તેલ બાબ અલ-મંડેબમાંથી પસાર થાય છે. હુથીઓ લાલ સમુદ્રની રક્ષા કરે છે અને સાઉદી અરેબિયા તેમને શક્તિશાળી બનવા દેવા માટે તૈયાર નથી. જો બંને પક્ષો વચ્ચે તણાવ વધે તો હુથીઓ સાઉદી માટે હોર્મુઝ સ્ટ્રેટની જેમ બાબ અલ-મંડેબ પણ બંધ કરી શકે છે, જેને કારણે સાઉદી અરેબિયાને મોટો આર્થિક ફટકો પડી શકે તેમ છે.

હુથીઓ ઉત્તર યમનમાં રહેતો ઝૈદી શિયા સમુદાય છે. તેમનું નામ અંસાર અલ્લાહ છે, જેનો અર્થ અલ્લાહના મદદગારો થાય છે. બદરુદ્દીન અલ-હુથીએ ૧૯૯૦ ના દાયકામાં આ સંગઠનની સ્થાપના કરી હતી. તેમનો ગઢ ગણાતો સાદા પ્રાંત સાઉદી અરેબિયાની સરહદે છે. બંને વચ્ચે દુશ્મનાવટની ખરી શરૂઆત ત્યારે થઈ જ્યારે સાઉદી અરેબિયાએ યમનની સરહદ નજીક તેની વહાબી વિચારધારાને પ્રોત્સાહન આપવાનું શરૂ કર્યું. વહાબી વિચારધારા સુન્ની ઇસ્લામનું એક રૂઢિચુસ્ત સ્વરૂપ છે, જે સાઉદી અરેબિયા સાથે સંકળાયેલી છે. બીજી બાજુ, હુથી વિચારધારા શિયા અથવા ઝૈદી સંપ્રદાય સાથે જોડાયેલી છે. શિયા અને વહાબી વિચારધારાઓ વચ્ચેના પ્રાચીન સંઘર્ષથી શરૂ થયેલી આ દુશ્મનાવટ હવે એક ખતરનાક વળાંક પર પહોંચી ગઈ છે, જ્યાં યમનના પર્વતોમાં છુપાયેલા અને ગેરિલા યુદ્ધ ચલાવતા હુથી લડવૈયાઓ તેમનાં સસ્તા ડ્રોન અને મિસાઇલોથી સાઉદી અરેબિયાની અબજો ડોલરની સંરક્ષણ પ્રણાલીને નોંધપાત્ર આર્થિક નુકસાન પહોંચાડી રહ્યા છે. ગલ્ફનો સૌથી શક્તિશાળી દેશ સાઉદી અરેબિયા

**યુદ્ધ પોઇન્ટ**
**▪ સંજય વોરા ▪**

આધુનિક લશ્કરી અને ઘાતક શસ્ત્રો ધરાવતો હોવા છતાં પડોશી દેશ યમનના હુથી લડવૈયાઓથી ભયભીત છે.

જ્યારે સાઉદી અરેબિયાએ સરહદ પર વહાબી વિચારધારાને પ્રોત્સાહન આપવાનું શરૂ કર્યું, ત્યારે ઝૈદી શિયાઓને લાગ્યું કે તે તેમની સદીઓ જૂની ધાર્મિક ઓળખ અને સંસ્કૃતિ માટે ગંભીર ખતરો છે. જ્યારે પણ યમનની સરકાર નબળી બની, ત્યારે હુથીઓએ તેની વિરુદ્ધ શસ્ત્રો ઉપાડ્યાં હતાં. સાઉદી અરેબિયા હંમેશા યમનની સત્તાવાર કેન્દ્રિય સરકારને ટેકો આપતું હોવાથી હુથીઓ સાઉદી અરેબિયાના સીધા દુશ્મન બન્યા હતા. ૨૦૦૪ અને ૨૦૧૦ ની વચ્ચે યમનની સરકાર અને હુથીઓ વચ્ચે અનેક યુદ્ધો ફાટી નીકળ્યાં, જેમાં સાઉદી અરેબિયાએ યમનની સરકારને સીધો ટેકો આપ્યો હતો. સાઉદી અરેબિયા દર વર્ષે તેનાં સંરક્ષણ બજેટ પર અબજો ડોલરનો ખર્ચ કરે છે. તેની પાસે વિશ્વના શ્રેષ્ઠ અમેરિકન ફાઇટર જેટ, અત્યાધુનિક ટેન્ક અને મિસાઇલ સંરક્ષણ પ્રણાલીઓ છે. આ બધું હોવા છતાં હુથી લડવૈયાઓ જમીન પર સાઉદીને હંફાવી રહ્યા છે, જેનું મુખ્ય કારણ યમનનો અત્યંત મુશ્કેલ અને ખડકાળ ભૂપ્રદેશ છે.

૨૦૧૫ માં જ્યારે હુથીઓએ યમનની રાજધાની સના પર સંપૂર્ણ કબજો કરી લીધો અને તત્કાલીન રાષ્ટ્રપતિ અબ્દુરબ્બુહ મન્સૂર હાદીને દેશ છોડીને ભાગી જવા મજબૂર કર્યા, ત્યારે સાઉદી અરેબિયાએ સીધો હસ્તક્ષેપ કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો. સાઉદી અરેબિયાના નેતૃત્વમાં ગલ્ફ દેશોએ હુથીઓ સામે મોટા પાયે હવાઈ હુમલા શરૂ કર્યા, જેને ઓપરેશન ડિસિસિવ સ્ટોર્મ નામ આપવામાં આવ્યું. સાઉદી અરેબિયા માનતું હતું કે તેની આધુનિક વાયુસેનાની મદદથી તે થોડાં અઠવાડિયાંમાં હુથી લડવૈયાઓને શરણાગતિ સ્વીકારવા માટે મજબૂર કરશે, પરંતુ આ ધારણા સંપૂર્ણપણે ખોટી સાબિત થઈ. યુદ્ધ વર્ષો સુધી ચાલ્યું. હુથીઓએ યમનમાં સાઉદી સૈન્ય સામે લડત આપી, સાઉદી અરેબિયામાં ઘૂસણખોરી પણ કરી અને તેનાં એરપોર્ટ, લશ્કરી થાણાંઓ અને સૌથી સંવેદનશીલ તેલમથકો પર હુમલા શરૂ કર્યા. ૨૦૧૯ માં સાઉદી અરેબિયાની સરકારી તેલ કંપની અરામકો પર મોટા પાયે ડ્રોન અને મિસાઇલ હુમલાઓએ વૈશ્વિક તેલ બજારને હચમચાવી નાખ્યું. આ હુમલાએ સાઉદી તેલ ઉત્પાદનનો અડધો ભાગ અસ્થાયી રૂપે બંધ કરી દીધો. આ ઘટનાએ સાઉદી અરેબિયાના હુથીઓ પ્રત્યેના ભયમાં નોંધપાત્ર વધારો કર્યો. હુથી લડવૈયાઓ યમનના ઊંચા પર્વતો અને સાંકડી ખીણોમાં ગેરિલા યુદ્ધ ચલાવે છે. જ્યારે સાઉદી અરેબિયાની સેના મેદાની લડાઈ અને હવાઈ હુમલામાં નિષ્ણાત છે.

પર્વતોમાં દૂરથી હુમલો કરતાં દુશ્મનોનો સામનો કરવાનો અનુભવ તેમની પાસે નથી. વધુમાં, હુથી લડવૈયાઓ ખૂબ જ સસ્તા ડ્રોન અને ટૂંકા અંતરની મિસાઇલોનો ઉપયોગ કરે છે. આ સસ્તા ડ્રોનને તોડી પાડવા માટે સાઉદી અરેબિયાને તેની સૌથી મોંઘી પેટ્રિઅટ મિસાઇલ સંરક્ષણ પ્રણાલીનો ઉપયોગ કરવો પડે છે. એક પેટ્રિઅટ મિસાઇલની કિંમત લાખો ડોલર છે, જ્યારે એક હુથી ડ્રોનની કિંમત ફક્ત થોડાક સો ડોલર છે. આ આર્થિક નુકસાન સાઉદી અરેબિયાને આંતરિક રીતે નબળું પાડી રહ્યું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**તાજેતરમાં સાઉદી દ્વારા યમનના સના એરપોર્ટ પર મોટા પાયે હવાઈ હુમલો કરવામાં આવતાં સાઉદી અરેબિયા અને હુથીઓ વચ્ચેનો તણાવ નોંધપાત્ર રીતે વધી ગયો હતો**


**ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ ટચૂકડી**
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**નોકરી વિષયક**

**દુકાન માટે**
ઉત્સાહી છોકરી (FEMALE) જોઈએ છે. પાર્ટ/ ફુલ ટાઈમ (કોમ્પ્યુટર જાણકાર) શોભન ઈલેક્ટ્રીકલ્સ ગંગેશ્વર મહાદેવ રોડ અડાજણ. ફોન કરવાનો સમય- 11 થી 7. 9904064499

**ઓફિસ સ્ટાફ**
જોઈએ છે. ડેટા એન્ટ્રી માટે એકાઉન્ટન્ટ- ફુલ TIME, ઉંમર ૩૫ વર્ષ સુધી ૫૦૧- એ, ૨૧સ્ટ સેન્ચુરી બીઝનેસ્સ સેંટર માન દરવાજા, રિંગ રોડ, સુરત મોંઃ 9909916204

**જોઈએ છે**
ફીમેલ જીમ ટ્રેનર સવારેઃ 5:30 થી 9:30 કલાક મો. નં. 8690892808 મોકલવા. સરિતા સાગર સંકુલ સુરત. (211)

**Mobile Work**
from home સેલેરી. ૧૮૫૦૦/- બાયોડેટા વોટ્સઅપ કરવો. 7804883676

**પાલમાં ઓફીસ તથા દુકાન વેચાણથી આપવાની છે.**
380ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, પહેલા માળે, ગેલેક્ષી સર્કલ પાસે
460ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, ગ્રાઉન્ડ ફ્લોર, બિસલ સર્કલ પાસે
9712979399

**વાપી ઝંડા ચોક**
વિસ્તારમાં કાપડની દુકાન પુજા ટ્રેડિંગ કંપની માટે સેલ્સમેન જોઈએ છે. (આકર્ષક પગાર આપવામાં આવશે) MO. 6353155112, 8347416895

**જોઈએ છે**
કોમ્પ્યુટર સ્ટોર માટે ડિલિવરી બોય અને ઓફિસના કામ માટે મહિલા કર્મચારી (હિસાબી કામ) યશ્વી ઈન્ફોટેક (નાનપુરા)- 9824651603

**શ્રધ્ધા કન્સલટન્સી**
સર્વિસીસ, વેલ્યુએશન તથા પ્લાન પાસીંગના કામ માટે ડીપ્લોમાં/ ડીગ્રી/ ડ્રાફ્ટમેન, સીવીલની ઓફિસ તથા સાઈટ વિઝીટના કામ માટે અનુભવી માણસોની જરૂર છે. લાલદરવાજા, સુરત. - 9033661977, 8160226994

**વ્યવસાયીક ધંધાકીય**

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**રેમન્ડ 3 પેન્ટપીસ**
માત્ર રૂ.1500/- આલીશાન,ભવાનીવડ, હરીપુરા, સુરત.

**લાઈફ હિંચકાના**
કડાં, અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ : 8460222292, 8460222282.

**મિલ્કત વેચવાની છે**

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. MO. 9687580001

**જોઇએ છે**
આર. એમ. ઓ. (લેડી) ગાયનેકના અનુભવીને પ્રેફરન્સ
સિસ્ટર - 2 એ.એન.એમ./જી.એન.એમ./અનુભવી
આયા માસી - 2
ભક્તિ હોસ્પિટલ, ઉધના ગામ સુરત.
9727711567

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ : કાળા બ્યારા, કણજા Mo: 9687580001

**મરોલી ગામ**
તાત્કાલિક પ્લોટ વેચવાનો છે ૯૫૨ વાર (N.A.) ટાઈટલ ક્લીયર મો. નંઃ ૯૯૦૯૦૯૧૮૬૦ (209)

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**મહાદેવ ટુર એન્ડ**
ટ્રાવેલ્સ. (ત્ર્યંબકેશ્વર, ધૃષ્ણેશ્વર, ભીમાશંકર) (ઉજ્જૈન, ઓમકારેશ્વર) (દ્વારકા, સોમનાથ) (સાપુતારા) (સ્ટેચ્યુ ઓફ યુનિટી) (પદમડુંગરી) (વાંગણ ધોધ) (માયાદેવી ધોધ). અજયભાઈ- 7802062340 (210)

**અષ્ટવિનાયક, પાંચ**
જ્યોતિલિંગ, શિરડી, શનિદેવ, પંઢરપુર 14 ઓગસ્ટ. ઉજ્જૈન, ઓમકારેશ્વર, 2- દિવસ. 15 ઓગસ્ટ. જયેશ ભટ્ટ. 9909888622.

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
રેલ્વે દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદરાનાથ, યન્મૌત્રી, ગંગૌત્રી, સાથે હરિદ્વાર, ચોક્કસ ઉપડશે. તારીખ- 9/9, 22/9, 6/10. દિવસ- 15. (2) દક્ષિણ ભારત, શ્રીશૈલમ જ્યોતિંલીગ, હૈદ્રાબાદ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, વિગરે. તારીખ- 15/9, દિવસ- 12. (3) જગન્નાથપુરી, કલકત્તા, ગંગાસાગર, કામાખ્યાદેવી. તારીખ- 25/9, દિવસ- 11. (4) બનારસ, અયોધ્યા, નેપાળ, પ્રયાગરાજ. તારીખ- 25/9, દિવસ- 10. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળોઃ દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934. (નોંધઃ દિવાળી પ્રવાસોનું બુકીંગ શરૂ થઈ ગયું છે.)

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*